● પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ સંપ્રદાયનાં પ્રકાશનો ●

સુબોધીનીજી ભાગ-૧૦	સં. લલ્લુભાઈ છ. દેસાઈ	૧૪૦૦-૦
ગોપીગીત	ધીરાનંદજી	૭૫-૦૦
રસેસ પ્રભુનો રસથાળ—સચિત્ર	લલ્લુભાઈ છ. દેસાઈ	૧૭૫-૦૦
શ્રીનાથ સેવા રસોદધિ—સચિત્ર	લલ્લુભાઈ છ. દેસાઈ	૩૫૧-૦૦
બેઠક ચરિત્ર પ્રકાશ—સચિત્ર	લલ્લુભાઈ છ. દેસાઈ	૩૦૦-૦૦
ઉંકા આતાની વાર્તા—સચિત્ર	લલ્લુભાઈ છ. દેસાઈ	૧૧૦-૦૦
કીર્તન-સંગ્રહ / કીર્તન-કૌસ્તુભ	સં. દામોદર શુકલ	૫૦૦-૦૦
બૃહદ શિક્ષાપત્ર	સં. લલ્લુભાઈ છ. દેસાઈ	૧૧૦-૦૦
૨૫૨ વૈષ્ણવની વાર્તા (ત્રણ જન્મ૩૦૦/-)	લલ્લુભાઈ છ. દેસાઈ	૧૨૦-૦૦
૮૪ વૈષ્ણવની વાર્તા (ત્રણ જન્મ૧૨૦/-)	લલ્લુભાઈ છ. દેસાઈ	૭૦-૦૦
વિવિધ ધોળ પદ સંગ્રહ ૧/૨	લલ્લુભાઈ છ. દેસાઈ	૧૫૦-૦૦
સેવાપ્રકાશ	લલ્લુભાઈ છ. દેસાઈ	૩૦-૦૦
વ્રજયાત્રા દર્શન	લલ્લુભાઈ છ. દેસાઈ	૪૦-૦૦
નિત્ય નિયમના પાઠ	લલ્લુભાઈ છ. દેસાઈ	૧૫-૦૦
ગર્ગસંહિતા	લલ્લુભાઈ છ. દેસાઈ	૨૫૦-૦૦
ષોડષગ્રંથ	લલ્લુભાઈ છ. દેસાઈ	૨૫-૦૦
કૃષ્ણ કીર્તનમાળા	લલ્લુભાઈ છ. દેસાઈ	૧૨-૦૦
સત્સંગધોળપદ	લલ્લુભાઈ છ. દેસાઈ	૩૫-૦૦
ભાવસિન્ધુ	લલ્લુભાઈ છ. દેસાઈ	૧૪૦-૦૦
રહસ્ય ભાવના	લલ્લુભાઈ છ. દેસાઈ	૩૦-૦૦
નામનિવેદન-મંત્ર નિરૂપણ	લલ્લુભાઈ છ. દેસાઈ	૭૫-૦૦
ગોકુલેશ હાસ્યામૃત	લલ્લુભાઈ છ. દેસાઈ	૯૦-૦૦
ગોકુલેશ વચનામૃત	લલ્લુભાઈ છ. દેસાઈ	૩૦-૦૦

કોઠારી પ્રકાશન ગૃહ
૬૪, ગાંધીરોડ, પુલ નીચે, અમદાવાદ-૧
ફોન : (ઓ) ૫૩૫૧૭૮૭ (ઘર) ૫૬૨૪૮૨૭

શ્રી હરિરાયજી મહાપ્રભુ વિરચીત

નિત્ય લીલા

(સચિત્ર કલર - ગુજરાતી ભાવાર્થ સાથે)

શ્રી હરિરાયજી મહાપ્રભુજી વિરચીત

નિત્ય લીલા

(સચિત્ર કલર - ગુજરાતી ભાવાર્થ સાથે)

કિંમત : ૪૦-૦૦

પૂજા કોર્પોરેશન
૫૦૪/એ, અશોકા ચેમ્બર્સ, મીઠાખળી છ રસ્તા, અમદાવાદ
મુખ્ય વિક્રેતા : કોઠારી પ્રકાશન ગૃહ, ગાંધી રોડ, અમદાવાદ



સેલિ કંધ, બેનુ કર લયે, હરિ જુ તબહિ ખિરકમેં ગયે.
ધૌરી, ધૂમર, ગાંગ બુલાઈ, કાજર, પિયરી દૌરી આઇં.

શ્રીહરિરાયજી મહાપ્રભુજી વિરચીત
નિત્ય લીલા

શ્રીહરિરાયજીએ નિવેદનીય પુષ્ટિ સમાજને શ્રીઠાકુરજીની નિત્ય લીલાના સ્મરણપૂર્વક નિરંતર હંમેશા પાઠ કરવા માટે શ્રીહરિની લીલાનું અવગાહન કરવા માટે પ્રાતઃ કાલથી લઈને શયન પર્યંતની નિત્યલીલાના નામથી વ્રજભાષામાં પ્રગટ કરી છે તેનો પાઠ કરવાથી શ્રીગોવર્ધનધરણની લીલા વાત્સલ્ય સહિત માતૃચરણનો શુદ્ધ સ્નેહ વ્રજદેવી શ્રીગોપીજનોના ભાવોનો અંગીકાર સહિત વર્ણવેલ છે. તેમાં પ્રથમપ્રાતઃકાલ સમયે મંગલા, શ્રૃંગાર, ગ્વાલ, રાજભોગ, ઉત્થાપન, ભોગસંધ્યા, અને શયન સર્વે લીલા ભાવના પ્રગટ કરી છે તેનો પાઠ હંમેશાં કરવો. જેને સંસ્કૃતનું જ્ઞાન નથી, અભ્યાસ નથી તેને વ્રજભાષામાં સારી રીતે સમજણ પાડવા માટે શ્રીહરિરાયજીએ આ રચના કરી છે.

(૧) મંગલભોગ

(૧)પ્રાતઃ સમૈ ઉઠીં વ્રજબાલા, ગાવતિ મંગલ ગીત રસાલા.

ટીકા—પ્રાતઃ સમયે એટલે સવારના સમયે ઉઠ્યા વ્રજબાલા. વ્રજબાલા એટલે શ્રીકુમારિકાજી નંદલાયમાં સેવા અર્થે બિરાજતા તે, શ્રીઠાકુરજીની લીલા ઉપયોગી ભક્ત છે તે સવારના ઉઠીને મંગલ ગીત ગાય છે. પ્રભુ તો પોઢ્યા છે આ વ્રજબાલા ઉઠીને મંગલગાન કરી રહ્યા છે. રાત્રીના જે લીલા અનુભવી છે. તેનું સ્મરણ યુક્તે શ્રીકુમારીકાજી ગાઈ રહ્યા છે.

ક્યું ગાન ? મંગલાગાન ! એટલે પ્રફુલીતતા સ્નેહ વાત્સલ્યતા ભાવ સહિત ગાઈ રહ્યા છે. યુગલ સ્વરૂપની ગૂઢલીલા એકાંત નિકુંજના વિવિધ પ્રકારના વિલાસોના ભાવપૂર્વક ગાઈ રહ્યાં છે. એ રસાલ પરમરસિક એવા શ્રીઠાકુરજીની રસાત્મક લીલાનું ગાન ગાન કરી રહ્યાં છે. તે માટે રસાલ શબ્દ છે.



કરી સિંગાર મથનિયાં ધોવેં, અપનો અપનો દહ્યો બિલોવેં.
મથન કરેં મોહન-જશ ગાવેં, સુમિરિ સુમિરિ હરિ-ગુન સચુ પાવેં.

(૨)કરી સિંગાર મથનિયાં ધોવેં, અપનો અપનો દહ્યો બિલોવેં.

ટીકા—તે વ્રજબાલાઓ પ્રાતઃ સમયે ઉઠીને મંગલગાન ગાય છે પછી ઉબટના સ્નાનાદિક કરીને પોતે શ્રૃંગાર ધારણ કરે છે, શ્રૃંગાર રસાત્મક શ્રીઠાકુરજીનો જેને સૌભાગ્ય છે. તે સાભાગ્યના ભાવ ભરપૂર સર્વે ઇન્દ્રિયો પ્રભુ ઉપયોગી છે.

અમે જે જન્મધારણ કર્યો છે. તે શ્રીનંદનંદન માટે જ કર્યો છે માટે અમારે તો એ શ્રીજીનો સૌભાગ્ય છે તે ભાવ સહિત નૂતન સાડી, ચોળી, લહેંગા, આભૂષણો નખથી શિખ પર્યંતનાં ધારણ કરીને તે કુમારિકાજી દધી મંથનની જે મથની છે તેને નિર્મલ જલથી ધોવે છે.

પ્રિયના વાત્સલ્યથી ગોરસ મંથન કરવું છે તે મથની ધોવે છે. અને મથનીમાં દધી પધરાવીને બિલોવે છે. ત્યાં અપનો અપનો વાક્ય છે, એટલે શ્રીકુમારિકાજી ઘણાં છે. અને દધી પણ ઘણું છે, માટે જુદા જુદા વિભાગો પાડી રાખેલા છે. તે પ્રમાણે પોતપોતાનું ભાગે પડતું પ્રથક-પ્રથક દધી મંથન કરે છે આ ભાવ છે.

(૩)મથન કરેં મોહન જશ ગાવેં, સુમિરિ સુમિરિ હરિ-ગુણ સચુ પાવેં.

ટીકા—મંથન કરતાં કરતાં મોહન શ્રીઠાકુરજી જેનું સ્વરૂપ કોટિમદનને મોહ પમાડે સહજ સુંદર કે સહજ લાવણ્ય ભરેલું કે સલૂણું એવું કે તે વ્રજબાલાઓના મનને મોહી લીધું છે આવા તે મોહન શ્રીજી તેનો યશ ગાઈ રહ્યાં છે. તે યશ કેવો છે ! કે ત્રિલોકીને પાવન કરતાં જે સાંભળે તેનાં હૃદયને નિર્મલ બનાવતાં કે લીલાના અનેક મનોરથો ઉપજાવતા હૃદયને દ્રવીભૂત બનાવતા એવા પરમરસિક કોટિ રસાલતાથી ભરેલાં યશ ગાઈ રહ્યાં છે. શ્રીઠાકુરજીની સાથે આંતર રમણ કે બાહ્ય રમણાનંદથી ભરેલો જે ગુણ છે. રાત્રીમાં જે અલૌકિક સુખ આપ્યું છે, તેનું સ્મરણ કરતાં, અત્યંત લજ્જા સહિત કે સ્મિત હાસ્ય સહિત તે સંયોગ રસની લહેરીથી કે સ્મરણથી જેની પુલકાવલી સહિત સુખના સ્મરણથી આનંદિત થઈ રહ્યાં છે તે વ્રજબાલાઓ.



નયે બસન ભૂષન હરિ લાયક, લૈ જુ ચલીં સુંદર સુખ દાયક.
અતિ હી સુરંગ ખિલૌના લીને, વિવિધ મનોરથ મનમેં કીને.

(૪)માખન મિશ્રિ દહ્યો મલાઈ, ઔટયો દૂધ કપૂર મિલાઈ.

ટીકા—તે દહીંનું મંથન કરીને તાજું નવનિત કાઢીને તે કુમારિકાજી મંગલ ભોગ સાજી રહ્યા છે, થાળમાં કટોરા પધરાવી તેમાં માખણ મિસરી તાજું દહીં મલાઈ ઓટેલું દૂધ સાજ્યું છે. તે દૂધ કેવું છે ! કે પરમસુખદાય છે તે પછી

(૫)કછુક મનોરથ કે પકવાન, થાર સંજોવતિ સુંદર બાન.

ટીકા—વિવિધ મનોરથથી સિદ્ધ કર્યા છે. તે અનિરવચનિય મનોરથોથી સિદ્ધ કરી રાખ્યાં છે. પકવાન સામગ્રી અનેક-પ્રકારની સાજીને રાખ્યાં છે. સુંદર બાનકથી કે ચતુરાઈપૂર્વક એકબીજામાં એક બીજી સામગ્રી મળી જાય, તો સ્વાદ ફેર થઈ જાય, માટે ચતુરાઈથી સાજ્યા છે તે પછી

(૬)નયે બસન ભૂષન હરિ લાયક, લૈ જુ ચલીં સુંદર સુખ દાયક.

ટીકા—તે પછી શ્રીંગારની તૈયારી માટે નૂતન વસ્ત્ર શ્રીઅંગમાં પાઘ વાઘો પટકો ઇત્યાદિ સુંદર આભૂષણો તે કેવાં શ્રીહરિને લાયક શ્રીઅંગમાં બેસતાં સ્વચ્છ અનેક મણી હીરાના જડીત ઋતુ અનુસાર લઈને ચાલ્યાં, તે બાલાઓ કેવાં છે, સુંદર છે. રૂપ જેના અને શ્રીઠાકોરજીના સુખદાયક છે, એવા તે ભક્તો શ્રીંગારની તૈયારી સહિત ચાલ્યાં છે, બીજું

(૭)અતિ હી સુરંગ ખિલૌના લીને, વિવિધ મનોરથ મનમેં કીને.

ટીકા—પાસા, શતરંજ વિગેરે ખિલોના લીધાં તે ખિલોના લઈ વિવિધ મનોરથો લીલા ભાવના સહિત કરી રહ્યાં છે. આ લીલોપયોગી બધી અલૌકિક અનુરાગવાળી સામગ્રી છે. વિવિધ મનોરથો મનમાં કરતાં જાય છે. આ ખિલોનાથી શ્રીઠાકુરજી ખેલશે. શ્રીહસ્તમાં લઈ-લઈ કઈ-કઈ લીલાનું સ્મરણ કરશે ! આવા મનોરથો મનમાં કરતાં જાય છે. તે પછી



શંખનાદ ખિરકનમેં સોહે, સવન સુનત સબકો મન મોહે.
મંગલ શબ્દ કાન જબ પર્યો, સકલ સાજ કર મેં લૈ ધર્યો.



(૮)ઉઠે ગ્વાલ ખિરક કોં ચલે, અતિ આતુર ગાયન સોં મિલે.

ટીકા—આપના અંતરંગ જે પરમપ્રિય એવા ગ્વાલ છે. તે ઉઠીને (પરબારા) તરત જ ખિરકમાં જાય છે. ત્યાં જઈ અત્યંત આતુર એવી ગાયો છે તેને મલે છે. અર્થાત્ તે અલૌકિક ગાયો છે. ગૌદોહન માટે ટેર કરીને બોલાવતાં

(૯)ટેર કરત સુરભિ સમુદાઈ, કારી પિયરી ધોરી આઈ.

ટીકા—તે ગ્વાલોને ટેર એક-એકના નામસહિત ટેર પાડતાં કે હેલા પાડવા લાગ્યા ત્યારે અવાજ સાંભળતાં તે તુરત સુરભીનાં ટોળાંને ટોળા આતુરતાપૂર્વક આવે છે. શ્યામા, કારી, પીરા રંગની ધોળી સફેદ આવે છે. વળી કેવી આવે છે ! કે

(૧૦)કાજર ધૂમર ઓર મજીઠી, સબ ગન પૂરન સબૈ અનૂઠી.

ટીકા—કાજર કહેતાં કાજરી, જે ગાયોના નેત્રમાંથી સ્વતઃ અંજન આંજેલું હોય, ધૂમર એટલે ધુંધરા ભૂરા રંગની, મજીઠ રંગની તે ગાયો કેવી છે ! કે સર્વગુણ સંપન્ન છે, પૂર્ણ છે. એક-એકથી અધિક સુંદર અનોખી સુંદરતા વાળી છે.

(૧૧)ઘંટાનાદ કરત સબ ડોલેં, અપને અપને બછરન બોંલે.

ટીકા—તે અંતરંગ ગ્વાલ છે. શ્રીજીને જાગવાનો સમય વિચારીને ઘંટાનાદ કરે છે, તે ઘંટાનાદ ત્રણ વખત કરે છે. અને શ્રીઠાકુરજીને સૂચના કરે છે, કે રાજસ, તામસ, સાત્ત્વિક ભક્તગણ આપના દર્શન માટે આતુરપૂર્વક ઠાડા છે. તથા ગૌ તથા વાછરડાં પણ આતુર થયાં છે. માટે આપ વેગે જાગો. આ ભાવો તથા પોતપોતાના ભાવને અનુસાર અને અંતરંગ પ્રભુને જગાવવા માટે પ્રબોધ ભણે છે તે ગ્વાલના અંતઃકરણ-કેવલ લીલાભાવ સહિત છે, શ્રીઠાકોરજીના તમામહાર્દને જાણવાવાળા છે. તત્ તત્ ભાવાનુસાર પ્રબોધ ભણે છે. ઘંટાનાદ કરનાર એક ગ્વાલ છે. પ્રબોધ બોલનાર બીજા પણ છે. તે અપને અપને વચનન બોલે, તેનાથી ધ્વની જણાય છે.



(૧૨)શંખનાદ ખિરકનમેં સોહે, સવન સુનત સબકો મન મોહે.

ટીકા—ત્યારબાદ તે ગ્વાલ શંખનાદ કરે છે ખિરકમાં રહી શ્રવણે શંખનાદનો અવાજ સાંભળતા વેત સર્વે ગોપ તથા ગોપી, બાલ તરૂણને વૃદ્ધ સહુના મન દર્શન કરવા માટે આતુર બની જાય છે.

(૧૩)મંગલ શબ્દ કાન જબ પર્યોં, સકલ સાજ કર મેં લૈ ધર્યોં.

ટીકા—તે શંખનાદનો મંગલ સ્વર કાને પડતાં આતુરતાપૂર્વક સકલ પદાર્થોની સજાવટ શ્રીહસ્તમાં ભક્તગણોએ લીધી, સકલની અંદર જેણે જે મનોરથો કર્યાં છે. સાજ, વસ્ત્ર, અલંકાર કે આરોગવાની નૂતન સામગ્રીઓ તે થાળમાં સાજીને શ્રીહસ્તમાં લીધાં છે. કોઈએ એવો મનોરથ કરેલો કે નૂતન વસ્ત્ર સિદ્ધ કરી રાખ્યાં છે તે ત્યાં અંગીકાર કરાવશું, કોઈ કહે છે કે સામગ્રી ત્યાં જઈ આરોગાવશું નવી સુવર્ણ મણીમય મુક્તાથી પરોવેલાં આભૂષણો ધરાવશું. આવા અનેક મનોરથોથી ભરેલાં શ્રીવ્રજસુંદરીઓ નંદનવનમાં પધારી રહ્યાં છે.

(૧૪)ઇહિ બિધિ ઘર-ઘરતેં સબ ચલીં, નંદ-નંદન કો દેખન અલીં.

ટીકા—પોત પોતાને ઘરેથી તે સુંદરી મનોરથની સામગ્રી લઈ લઈને શ્રીનંદનંદનના દર્શન કરવા માટે પધારે છે. તે ભક્તોના નેત્રરૂપી મધુપ શ્રીમુખકમલ માટે આતુર બન્યા છે.

(૧૫)સુખ સિજ્યા પૌઢે હરિરાઈ, બાર-બારિ કેં જસુમતિ માઈ.

ટીકા—સુખશૈયા ઉપર શ્રીહરિ પોઢ્યા છે. ત્યારે વારંવાર શ્રીયશોદાજી પધારે છે. પોતાના લાડીલા પુત્રને જોઈ-જોઈને આનંદ પામતાં શ્રીમાતૃચરણ નિદ્રાવશ જોઈને જગાવતાં નથી. જોઈ જોઈ પાછાં ફરી પાછાં પધારે છે.

(૧૬)ફિરિ ઝાકે ફિરિ ફિરિ કેં આવેં, કમલ-નયન કોં નાંહિ જગાવેં.

ટીકા—વારંવાર ફરી-ફરી આવી શ્રીમુખારવિંદ નીચા નમી નમીને ઝાંખે છે પરંતુ નિદ્રામાં પોઢેલા પોતાના પુત્રને વાત્સલ્ય ભાવપૂર્વક

જગાવી શક્તા નથી. મારા બાલક ખેલી-ખેલી ઘણો શ્રમકરે છે. ગૌચારણાદિકથી કે સમાન વયના ગ્વાલોથી મલયુદ્ધાદિક કરતાં કે ગેંદ ઉછાળી પાછળ દોડતાં કે વાછરડાંઓની પાછળ દોડતાં, એવી અનેક કીડા કરતાં શ્રમિત થઈ સુખપૂર્વક પોઢ્યાં છે. તેને કેમજગાવું ? ત્યારે વ્રજબાલાઓ સામગ્રી પધરાવીને પધારે છે.

(૧૭)તાહિ સમેં આઈ બ્રજ બાલા, માનો મત્ત ગયંદ કી ચાલા.

ટીકા—તે વખતે વ્રજબાલાઓ જેણે મંગલ ભોગ સજી રાખ્યાં છે. તૈયાર કરી રાખ્યાં છે. તે શ્રીકુમારિકાજીના યુથ વિવિધ સામગ્રીઓના થાળ શ્રીહસ્તમાં લીધાં છે. શ્રીચરણમાં નૂપુર ધરેલાં છે. જાણે મદ થયેલો જેમહાથી હોય. તેવી ગજ ગતિ ચાલથી ચાલતા, મધુર ગતિથી ભાવસંબંધી એક બીજાશું મધર વાતો કરતાં કરતાં, મધુર ચાલથી ચાલતાં, કોઈ સામગ્રી છલકાય ન જાય, એકબીજામાં મલી ન જાય, તે વાત્સલ્ય વિવેકપૂર્વક મધુર ગતિથી, કે સાવધાનતાથી પધારી રહ્યાં છે.

(૧૮)નુપૂર કી ધુનિ સુનિ નંદરાઈ, ચૌંકી ઉઠે તબ કુંવર કન્હાઈ.

ટીકા—નૂપુરની મધુર ધ્વનિ તે વ્રજબાલાઓના યુથના યુથ નૂપુર ધારણ કરેલાં છે. તેની ધ્વનિનો મધુર સૂર સમૂહવત થઈ રહ્યાં છે. તે નુપૂરની ધ્વનિ સાંભળતાં માત્ર શ્રીઠાકુરજી, શ્રીહરિ સર્વે ભક્તોના તાપને હરવાવાળા કે મનને હરવાવાળા-

શ્રીહરિરાય કહેતાં સકલ જગતના રાજા શ્રીનંદરાજ કુમાર તે ધ્વનિ સાંભળતાં ચમકીને ઉઠ્યા, ચમકવાનું કારણ એ કે જેમવ્રજબાલાઓને નિરખવાની આતુરતા તેમજ પોતાને તે ભક્તોના વિરહ ભરેલાં હૃદયનાં મનોરથો પૂર્ણ કરવા અર્થ આતુર બની, નિદ્રામાં, શયનમાં પણ એક એક ભક્તોના મનોરથોની ગણના કરી રહ્યાં છે, કે સ્વપ્ન અવસ્થામાં ભક્તોનાં ભાવની ભાવના પૂર્વક લીલામાં મગ્ન બન્યાં છે. તે ચમકીને ઉટ્યા.



મંગલ ભોગ આનિકે રાખ્યૌ, ગિરિધર લાલ સ્વાદ સૌં ચાખ્યૌ.
માખન મિસરી માંત ચટાવૈ, ધૌરી કૌ પય અતિ હી ભાવૈ.

(૧૯)નિકટ ગઈ તહાં જસુમતિ માઈ, બદન દેખિ કેં લેત બલાઈ.

ટીકા—શ્રીમાતા યશોદાજી નિકટ ઊભા છે. ત્યારે પોતાના બાલકને જોઈ વાત્સલ્ય પ્રગટ થયું. અને શ્રીમુખ નિરખી રહ્યાં છે. નિદ્રામાંથી ઉઠેલા નેત્ર ઝૂકી રહ્યાં છે. આલસ્ય વલિત અર્ધોન્મિલિત બનેલા તે નેત્રો અધખુલ્યાં છે. અલકાવલી બિથુરી રહી છે. આભૂષણો અસ્તવ્યસ્ત બન્યાં છે. મીટ માંડીને જોવું એટલે નખથી શિખ પર્યંત નિરીક્ષણ કરીને પછી વારણા લ્યે છે. સહજ છે વાત્સલ્ય સ્નેહ જેને એવાં શ્રીમાતચરણ ધન્ય ધન્ય માની રહ્યાં છે.

(૨૦)બિથુરીઅલક, લટપટી પાગ, પીક કપોલ, મુખ અંજન લાગ.

ટીકા—શ્રીઅંગમાં ચંદનનું લેપન કરેલું છે., તેના ઉપર પુષઅપની માલા ધારણ કરેલી હતી. રાત્રીના તેના ચિન્હ ઉઠી રહ્યાં છે. તે બિન ગુનમાલા ધારણ કરેલી છે. આભૂષણ પણ આઘા પાછા થઈ રહ્યાં છે. એવા પરમરસાલ કે તે રાત્રીના અનેક વ્રજલલનાઓ સાથે રાસ ક્રીડા કરી છે. માટે સર્વાંગમાં ચિન્હ પ્રગટ દર્શન આપી રહ્યાં છે. માટે રસાત્મક ચિહ્ન છ. તેથી પરમરસાલ કહ્યાં છે. આવા રસાત્મક શ્રીજીના દર્શન કરી રહ્યાં છે.

(૨૨)યહ શોભા નિરખત વ્રજ બાલા, રસ મસે નૈન દેખે નંદલાલા.

ટીકા—આપની આવી પરમરસાલતા ભરેલી શોભા શ્રીકુમારિકાજી જોઈને રસ ભરેલા જેના નેત્રો છે. તે વડે શ્રીનંદરાયજીના લાલને નિહાળે છે. આવું પરમસૌંદર્ય ભરેલું સ્વરૂપ તે તો રાત્રીના અમારી સાથે કે રાસ ક્રીડાના આનંદો વિલસતા આ ચિન્હો પ્રગટ દર્શી રહ્યાં છે. સકલ વ્રજમાં પોઢયા, ઇત્યાદિ નવાખ્યાનના છઠ્ઠા આખ્યાનના ભાવાનુસાર રસ મસ્યાં એટલે રસમાં પાગેલા છે નેત્ર જેનાં એવાં તે વ્રજબાલાઓ નિરખી રહ્યાં છે.



મંગલા કી આરતી ઉતારી,
સોભા દેખિ રહી વ્રજ નારી.

(૨૩)જસુમતિ ધાઈ ઉછંગહિં લીનો, ચૂમિબદન ઉર સીતલ કીનો.

ટીકા—ત્યારે શ્રીમાતૃચરણ શ્રીયશોદાજી તુરંત દોડીને પોતાના પુત્રને ઉત્સંગમાં-ખોળામાં લઈ લીધાં. વદનને શ્રીમુખને ચૂમવા લાગ્યા, તે મુખ ચુંબન કરી પોતાનું ઉર-અંતર શિતલ થઈ રહ્યું છે, જે મંગલ ભોગ સાજ્યો છે. તે ધરે છે.

(૨૪)મંગલ ભોગ આનિકૈ રાખ્યૌ, ગિરિધર લાલ સ્વાદ સોં ચાખ્યૌ.

ટીકા—શ્રીકુમારિકાજીએ મંગલભોગ સાજ્યાં છ તે થાળ બધાં સન્મુખ સાજ્યાં છે. તે ઘણાં સ્વાદ સહિત આપ ચાખી રહ્યાં છે.

(૨૫)માખન મિસરી માત ચટાવૈ, ધૌરી કૌ પય અતિ હી ભાવૈ.

ટીકા—અનેક સામગ્રીઓના જુદાં જુદાં સ્વાદ સહિત સરાહીને ચાખી રહ્યાં છે. માખણ તથા મિસરી શ્રીમાતૃચરણ ચટાવે છે. અને ગાયનું દૂધ સિદ્ધ કરીને આરોગાવે છે. તે આપને ઘણું રુચિકારી છે. ને બહુ જ ભાવે છે. શ્રીમાતૃચરણના વાત્સલ્યથી, શ્રીવ્રજબાલાઓ શ્રીકુમારિકાજી કે અન્ય પૂર્વાના યુથોની સામગ્રી સ્નેહપૂર્વક અંગીકાર કરે છે.

(૨૬)દધિ કે છીંટ લગીં તન શોભિત, માનોં ઉડુગન અંબર ઓપિત.

ટીકા—આપ દધી આરોગે છે, ત્યારે છીંટ કહેતાં છાંટા શ્રીઅંગ ઉપર પડે છે. ક્યાંક ક્યાંક તો શ્રીઅંગ મેઘ શ્યામવર્ણ છે. તેમાં છૂટી છૂટી દધીની છીંટ લાગી છે. તે કેવી ઉપમાને ધારણ કરે છે કે જાણે આકાશમાં તારાઓ ચમકી રહ્યાં છે. અથવા આકાશ તારાઓથી ચમકી રહ્યું છે. આવી શોભા લાગી રહી છે ત્યારે

(૨૭)લપટાનો મુખ જસુમતિ દેખેં, અપુનો જનમસુફલ કરિ લેખેં.

ટીકા—દધીથી લપટાયેલું શ્રીમુખ શ્રીયશોદાજી જોઈને પોતાના જન્મને સુફલ કરીને લેખે છે.

(૨૮)રંચક જમુના જલ સૌં ધોવૈ, પોંછિ બદન અંચલ સોં જોવૈ.

ટીકા—પોતાના લાડકવાયાના શ્રીમુખને રંચક શ્રીયમુનાજલથી ધોવે છે. ત્યારે શ્રીમાતૃચરણ પોતાના બાલકનું મુખારવિંદ વાત્સલ્ય



કનક પાઠ બૈઠે મન મોહન,
લાગી રહી જસુમતી અતિ ગોહન.

સહિત, અંચલ કહેતાં સાડીના પલ્લવથી, છેડાથી પીંછીને જુવે છે, બરોબર પોછાયું છે કે નહીં ! તે નમી નમી વાત્સલ્ય સહિત જોવે છે. ફરી પૂંછન કરી શ્રીમુખારવિંદને નિરખી-નિરખી પ્રફુલ્લિત બની રહ્યાં છે.

(૨૯)પુનુ અંચવાય ખવાવૈય બીરી, સકલ સાજ સજિ લાઈ અહીરી.

ટીકા—ફરી આચમન કરાવીને બીડી આરોગાવે છે. અનેક પ્રકારનો સાજો શ્રીહસ્તમાં લઈને અહીરના ગૃહિણીઓ, ગોપભાર્યાઓ તથા શ્રીકુમારિકાઓ શ્રીંગારના સાજો લઈ લઈને ઠાડાં છે.

(૩૦)મંગલા કી આરતી ઉતારી, સોભા દેખિ રહીં બ્રજ નારી.

ટીકા—મંગલાની આરતી ઉતારે છે તે વખતની શોભા ભરેલું ઝળહળતાં મુખારવિંદની શોભા વ્રજનારીઓ નિહાળી રહ્યાં છે.

૨. સ્નાન

(૩૧)કનક પાઠ બૈઠે મનમોહન, લાગી રહી જસુમતી અતિ ગોહન.

ટીકા—સુવર્ણમય પાટલો બિછાવી તે બાલકને સ્નાન કરાવવાની તૈયારી તે વ્રજબાલાઓ, શ્રીકુમારીકાઓએ કરી રાખી છે, તેના ઉપર બાલકને વાત્સલ્ય સહિત પુચકારી વારંવાર પાછળ પડી હઠ કરતાં સમજાવીને પધરાવે છે ત્યારે કોઈ કાંઈ કોઈ કાંઈ ટહેલ કરી રહ્યાં છે.

(૩૨)કોઊ હરિ કો તેલ લગાવૈ, પરસત અંગ પરમસયુ પાવૈ.

ટીકા—કોઈ વ્રજસુંદરી શ્રીઅંગમાં તેલ ફુલેલ લગાવી રહ્યાં છે કોમલ પરમસુશોભિત શ્રીઅંગનો સ્પર્શ કરતાં રોમાવલીયુક્ત પરમસુખ પામી રહ્યાં છે.

(૩૩)કોઊ અંગ ઉબટનૌ કરૈં, બિબિધ મનોરથ મનમેં ધરૈં.

ટીકા—શ્રીઅંગનો સ્પર્શ કરીને, ઉબટના કરી રહ્યાં છે. તે પોતાનું સર્વસ્વ એવા શ્રીઠાકુરજીનો સ્પર્શ કરતાં વિવિધ કિશોરભાવ યુક્ત મનોરથ કરી રહ્યાં છે.



કાઊ તનિયા અંગ પહિરાવૈં, કોઊ સૂથન સરસ બનાવૈં.
કોઊ બાગૌ પટુકા કરૈં, કોઊ બહુ બિધિ ભૂષન ધરૈં.

(૩૪)કોઊ બૈંની કરમેં ધરેં, તા ઉપર પુનિ કંગઈ કરેં.

ટીકા—કોઈ સુંદર શ્યામસ્નિગ્ધ એવી જે ઘુઘર વારી વેણી, ચોટી તે કર કહેતાં હાથમાં લઈને ધીરે ધીરે કાંગસીથી સમારી રહ્યાં છે, બહુ વાત્સલ્યથી રખેને ખેંચાય નહિ આપને શ્રમન થાય.

(૩૫)કોઊ કનક ઘટ જલ લૈ રહેં, કોઊ પદ - અંબુજ કર ગહેં.

ટીકા—કોઈ સુવર્ણના ઘડામાં સમોવેલું શિત ઉષ્ણ જલ લઈને ઠાડાં રહ્યાં છે, કોઈ પરિતાપ યુક્ત કે સાત્વિક ભાવ ભરેલાં ભક્ત ચરણાંબુજ શ્રીહસ્તમાં લઈ રહ્યાં છે.

(૩૬)કોઊ હરિકોં સ્નાન કરાવૈ, અંગ બસન કરી અતિ સચુ પાવૈ.

ટીકા—કોઈ કોઈ, કોઈ કાંઈ એવી સેવા કરી રહ્યાં છે, તે સરસ રીતે કોઈ સ્નાન કરાવીને અંગવસ્ત્ર કરી સૂથન સુંદર ધરાવી રહ્યાં છે.

૩. શ્રૃંગાર

(૩૭)કોઊ તનિયા અંગ પહિરાવેં, કોઊ સૂથન સરસ બનાવેં.

ટીકા—તે સરસ રીતે આપનું નિરાવર્ણ શ્રીઅંગ તનિયા વસ્ત્ર વડે આચ્છાદિત કરી રહ્યાં છે. કોઈ સૂથન સુંદર ધરાવી રહ્યાં છે. આવી આવી ઉત્તમોત્તમ સેવા કરી રહ્યાં છે.

(૩૮)કોઊ બાગૌ પટુકા કરેં, કોઊ બહુ બિધિ ભૂષન ધરેં.

ટીકા—કોઈ વાઘા પટકા ધરાવે છે, કોઈ આભૂષણ મોતી માણેક હીરા પન્ના લાલ પિરોજી આદિ અમૂલ્ય મણીમય હાર વગેરે ધરાવે છે.

(૩૯)કોઊ કુલહ સુરંગ ધરેં શિષ, પાગ બંધાવેં ગોકુલ ઇસ.

ટીકા—કોઈ ભક્ત શ્રીમસ્તક ઉપર કુલ્હે ધરાવે છે. તેના પેચ સમારી પાગ બાંધે છે. શ્રીમસ્તક ઉપર શ્રીઠાકુરજી શ્રીગોકુલના રાજા કે વ્રજસુંદરીઓના સર્વે ઇન્દ્રિયોના ઇશ એવા શ્રીગોકુલના ઇશ, પાગ બંધાવી રહ્યાં છે.



રતન જટિત મુરલી કર દઈ, મોહન પરમપ્રીતિ સોં લઈ,
તબ આઈ વૃષભાન -કુમારી. છબિ પર વારોં કોટિક માર.

(૪૦)તુમતો બ્રજ રાજ લડૈતે, સબ લરિકન મેં ગુનન બડેતે.

ટીકા—આપ તો શ્રીવ્રજરાયજી શ્રીનંદરાયજીના લાડીલા પુત્ર છો. સર્વે વ્રજના લરિકાઓમાં બાળકોમાં ગુણ પરાક્રમોમાં શ્રેષ્ઠ છો.

(૪૧)મોર ચંદ્રિકા ગુંજા હાર, બ્રજ જન કે તુમપ્રાન આધાર.

ટીકા—શ્રીમસ્તક પર મોરની ચંદ્રિકા ધરાવે છે. શ્રીકંઠમાં ગુંજા ફૂલની માલા ધરાવે છે. અને તે વ્રજસુંદરીઓ કહે છે કે આપ વ્રજજનોનાં જીવનના પ્રાન આધાર છો, પરમપ્રિય છો.

(૪૨)કોઊ નૈનનિ અંજન અંજવાવે, કોઊ મૃગદલ તિલક બનાવે.

ટીકા—કોઈ નેત્રમાં અંજન આંજી રહ્યાં છે. કોઈ મૃગદલ કહેતાં કસ્તુરીનું તિલક શ્રીભાલ પર ધરાવી રહ્યાં છે.

(૪૩)પોહોપ માલ લૈ કંઠ ધરાવૈ, સકેત સદન કી ઠૌર બતાવૈ.

ટીકા—કોઈ વ્રજભક્ત પુષ્પની માલા શ્રીકંઠમાં ધરાવે છે. સંકેત સ્થળોની સૂચના કરી રહ્યાં છે. કે પુષ્પોની સઘન ઘેરી જ્યાં કુંજ છે લતાઓ ઝૂમી રહી છે એક એકથી આવૃત થયેલી તે ઘણી નિવિડ હોવાથી કોઈ સમજી ન શકે એવા સ્થળોમાં પધારી અમારી સામગ્રી ઉત્તમથી ઉત્તમનો આપ વિનિયોગ કરો. આવા મધુર સંકેતનાં ભાવથી ભરેલી એવી પુષ્પની માલા ધરાવે છે. તે પછી

(૪૪)રતન જટીત મુરલી કર દઈ, મોહન પરમપ્રીતિ સોં લઈ.

ટીકા—રત્નજડિત મોરલી શ્રીહસ્તમાં આપી મોહન એવાં શ્રીઠાકુરજીએ પરમપ્રીતથી લીધી. તે વેણુ દ્વારા વ્રજસુંદરીના મનોરથો પૂર્ણ થતાં એવી મોરલી શ્રીહસ્તમાં લીધી છે. રત્નજડિત મોરલીનો નાદ કરી સર્વે વ્રજસુંદરીના મનનું આકર્ષણ કરે છે. એટલામાં

(૪૫)તબ આઈ વૃષભાન - કુમારિ, છબિ પર વારોં કોટિક માર.

ટીકા—તે વખતે શ્રીવૃષભાનજીના પુત્રી શ્રીરાધિકાજી પધારે છે. તે શ્રીપ્રિયાજીનું સ્વરૂપ કેવું સુંદર છે ! કે એમની છબી ઉપર કોટિ કામદેવની વારી-નાખીએ એવું અદ્‌ભુત છે રૂપ જેનું ત્યારે



હઠ કરિ હરિ સિંગાર કરાવૈ, બહુ બિધિ ભૂષન બસન બનાવૈ.
નખ શિખ લોં સિંગાર કરાવૈ, દેખિ ગોપાલ પરમસચુ પાવૈ.

(૪૬)હઠ કરિ હરિ સિંગાર કરાવૈ, બહુ બિધિ ભૂષન બસન બનાવૈ.

ટીકા—ત્યારે શ્રીસ્વામિનીજી વૃષભાન દુલારીજી, નેહ કરી કહેતાં કે તાપ હરવાવાળા કે મન હરવાવાળા, એવા શ્રીઠાકુરજી હઠ કરી આગ્રહપૂર્વક શ્રીસ્વામિનીજીને શ્રીંગાર ધરાવે છે. વિવિધ આભૂષણો તથા વસ્ત્રો ધરાવી અંજન નેત્રમાં આંજે છે.

(૪૭)અંજન દૃગ, કેસરકી આડ, સબ જુવતિનમેં લાડિલી લાલ.

ટીકા—આંખમાં અંજન આંજી શ્રીઠાકુરજી સ્વામિનીજીને કેસરની આડ શ્રીભાલ વિષે લગાવે છે. પોતાનું પરમ'સૌભાગ્ય' શ્રીસ્વામિનીજીને નખ શિખ શ્રીંગાર ધરાવીને પોતે પરમસુખ પામી રહ્યાં છે. વ્રજયુવતીઓમાં શ્રીલાડિલીજી તથા શ્રીઠાકુરજી પરમશોભાયમાન અત્યંત શોભી રહ્યાં છે. સર્વે વ્રજસુંદરીઓના યુથમાં યુગલ સ્વરૂપ કોટિ કોટિ મનોરથ પૂર્ણ કરી રહ્યાં છે.

(૪૮)નખ શિખ લોં સિગાર કરાવૈ, દેખિ ગોપાલ પરમસચુ પાવૈ.

ટીકા—નખથી શિખ પર્યંત શ્રીંગાર ધરાવીને શ્રીપ્રિયાજી નિરખી નિરખીને ગોપાલ એવા શ્રીજી સર્વે ઇન્દ્રિયોના પાલક એવા પરમસુખ પામી રહ્યાં છે.

(૪૯)મધુ મેવા પકવાન મિઠાઇ, મુદિત જસોમતિ ગોદ ભરાઇ.

ટીકા—આવું શ્રીસ્વામિનીજીનું સુંદર સલોનું સ્વરૂપ જોઇને શ્રીયશોદાજીને અત્યંત સ્નેહ ઉત્પન્ન થયો ત્યારે પકવાન મધુર મેવા મિઠાઇથી શ્રીસ્વામિનીજીની ગોદ ભરે છે. હૃદયમાં હર્ષાશ્રુ સહિત પ્રાર્થના કરે છે કે આ કન્યા મારા શ્રીકૃષ્ણને લાયક છે. સુંદર જોડ છે, નિરખી નિરખીને મુદિત થાય છે.



સંમુખ આય રહી બ્રજ નારી, દર્પન દેખહુ કુંજ બિહારી !
વે તો હરિ મુખ કમલ નિહારે, હરિ રાધા બિધુ બદન નિહારે.



નિરખિ નિરખિ ફૂલીં બ્રજનારી, દરસન દેત હૈ કુંજ બિહારી,
શોભા દેખિ રહીં બ્રજ નારી, હંસિ હંસિ દેત પરસ્પર તારી.



ગોપી વલ્લભ ભોગ લૈ ધર્યો, સો તો ભવન ભવન પ્રતિ કર્યો.
પૂરી, દહીં, સંધાનો, સાક, માખન, બૂરો, બહુ બિધિ પાક.

(૫૦)સંમુખ આય રહી બ્રજ નારી, દર્પન દેખહુ કુંજ બિહારી !

ટીકા—સન્મુખ સર્વે વ્રજબાલાઓ, શ્રીકુમારિકાજીનાં યુથ ઠાડાં રહીને દર્શન કરે છે. શ્રીહસ્તમાં દર્પણ લઈ એક ભક્ત શ્રીયુગલને મુખારવિંદ સનમુખ કરી દર્પણ બતાવે છે. હે કુંજ બિહારી આપ યુગલ મલી કુંજમાં અહરનિશ વિહાર કરા. એવાં ભાવ સહિત તે ભક્ત દર્પણ બતાવે છે.

(૫૧)વે તો હરિ મુખ કમલ નિહારે, બહિ રાધા બિધુ બદન નિહારે.

ટીકા—જાણે શ્રીજીના નેત્રરૂપી મધુપ કહેતાં ભમર તે શ્રીપ્રિયાજીના શ્રીમુખકમલનો પરાગ રસ ચાખી રહ્યાં છે અને પ્રિયાજી પ્રિતી રૂપી વિવિધ ભાવભરેલું અમૃત વાટી રહ્યાં છે તે યુગલની છબી.

(૫૩)નિરખિ નિરખિ ફૂલીં બ્રજનારી, દરસન દેત હૈ કુંજ બિહારી.

ટીકા—આવાં યુગલને નિરખી-નિરખીને વ્રજની નારી ફૂલી રહ્યાં છે. કુંજબિહારી તે વ્રજવધુઓને દર્શનાનંદ આપી રહ્યાં છે.

(૫૪)શોભા દેખિ રહીં બ્રજનારી, હંસિ હંસિ દેત પરસ્પર તારી.

ટીકા—તે શોભા જોઈ, જોઈને વ્રજનારીઓ હસી હસીને પરસ્પર તાલી આપે છે.

૪. ગોપી વલ્લભ - ભોગ

(૫૫)ગોપી વલ્લભ ભોગ લૈ ધર્યોં, સો તો ભવન ભવન પ્રતિ કર્યોં.

ટીકા—ગોપી વલ્લભ ભોગ સમર્પે છ, તે ભુવન - ભુવન પ્રતિ વ્રજસુંદરીઓ સિદ્ધ કરી કરીને લાવ્યાં છે તે ગોપીજનના વલ્લભ શ્રીજીનો અંગીકાર કરે છે.

(૫૬)પૂરી, દહીં, સંધાનો, સાક, માખન, બૂરો, બહુ બિધિ પાક.

ટીકા—પૂરી, દહીં, સંધાણા શાક તથા માખણ મિસરી અનેક પ્રકારનાં પાકાદિક સિદ્ધ કરી ભોગ સમર્પે છે.

(૫૭)સબહિન કે મન રંજન કારન, પ્રેમસહિત લીનો મન ભાવન.

ટીકા—સર્વ વ્રજસુંદરીઓના મનોરંજન કરવાને કારણ પ્રેમસહિત અંગીકાર કરી રહ્યાં છે.

(૫૮)ભોગ સરાય બીરા જબ દીનો, બિબિધ ભાંતિ મનોરથ કીનો.

ટીકા—ભોગ સરાવીને જ્યારે બીડાં આપ્યાં, ત્યારે શ્રીગોપીજનોએ વિવિધ પ્રકારનાં મનોરથ કર્યા.

(૫૯)મના પૂરન નંદકુમાર, ઠાડે હૈં જસુમતિ કે દ્વાર.

ટીકા—મનસાને પર્ણ કરતાં, એવા શ્રીનંદરાયજીના કુમાર શ્રીજી યશોદાજીના દ્વાર પર ઠાડાં છે.

(૬૦)મૈયા મથિ મથિ ધૈયા પ્યાવે, બાર બાર ઉર અંતર લાવે.

ટીકા—માતા યશોદાજી મથી મથી દૂધનાં ફીણ તબકડીમાં ભરી ભરીને લાવે છ, ને વાત્સલ્ય સહિત વારંવાર ઉર લપટાઈ રહે છે ત્યારે શ્રીયશોદાજી પોતાની સાડીનો અંચલ કહેતાં છેડો તે શ્રીઠાકુરજીના હૃદય ઉપર રાખે છે, તેનું કારણ એ છે કે બાલકનાં શ્રીમુખમાંથી દૂધનાં ટીપાં પડે તો આપના વસ્ત્ર ભીંજાય નહિ, તેથી સાડીનો અંચલ રાખે છે, જેનાં વાત્સલ્યથી મુગ્ધ બની રહ્યાં છે. એવા શ્રીજી માતૃચરણનાં હાથથી તબકડી આરોગે છે, ત્યારે શ્રીયશોદાજી કહે છે કે

(૬૧)બેની બઢે લાલ પય પીજે, ઇતનો કહ્યો હમારો કીજે.

ટીકા—હે લાલ તમારી વેણી વધશે, કેશ મોટા થશે. આપ દૂધનું પાન કરો મારું એટલું કહ્યું માનો.

(૬૨)ધૌરી કો પય પરમરસાલ, સાત ઘૂંટ ભર પીજે લાલ !

ટીકા—શ્વેત ગૌનું દૂધ પરમરસરૂપ છે માટે સાત ઘૂંટડા ભરીને હે લાલ આપ પાન કરો. યુગલ સ્વરૂપનાં સાત પ્રકારની અવસ્થાના ભાવ સહિત સિદ્ધ કરેલી આ તબકડીઓ છે. (૧) પ્રેમ(૨) આસક્તિ, (૩) વ્યસન (૪) આવેશ (૫) પ્રવેશ (૬) ત્રપા (૭) મૂર્છા આ સાત પ્રકારના ભાવથી આ સાત તબકડીનો અંગીકાર કરો.

(૬૩)બદન ધોય બીરા જબ લીનો, મૈયા તબ હિ ખિલૌના દીનો.

ટીકા—શ્રીવદન ધોઈને બીડું આપે છે શ્રીહસ્તમાં, શ્રીમાતૃચરણ વાત્સલ્ય ભાવભરેલાં રમકડાંઓ ખેલવા માટે આપે છે.એટલામાં

(૬૪)ઠાડી રહી રોહીની રાની, મીઠી બાત કહી મન માની.

ટીકા—ત્યારે રોહિણીજી પાસે ઉભા છે, તે મીઠી મીઠી વાત કહે છે.

(૬૫)ખીર સિરાત સ્વાદ નહીં આવે, ગ્રાસ દ્વૈક લેહુ જો ભાવે.

ટીકા—આપને માટે ખીર તૈયાર કરી રાખેલ છે. તે જો શીતલ થઈ જશે તો સ્વાદ નહીં આવે, માટે જો ભાવે તો બેક કોળીયા લો. એવાં લાડ સહિત રોહિણીજી કહે છે.

(૬૬)અતિ હિત સોં તબ ભોજન કીનો, માત જસુમતી કોં સુખ દીનો.

ટીકા—અત્યંત હિત સહિત આપે ભોજન કર્યુ, માતા યશોદાજીને ખૂબ સુખ આપ્યું.

(૬૭)ખેરત ફિરત સખા સંગ લીને, ખિરક ખોર ગિરિ ગહવર ભીને.

ટીકા—સખામાં સમાન વયના સાથે લઈ આપ ખેલવા પધારે છે ગાયોની ખિરકમાં શ્રીગિરિરાજની કંદરામાં ગિરિ પર્વત ઉપર ગહેવરબન સઘન વનમાં એવી રીતે ખેલવા પધારે છે. ત્યાં સખાઓની સાથે અનેક ખેલ ખેલે છે, ભાવાનુસાર

(૬૮)અતિ પ્રબીન જસુમતી કો પુત, સબહિન કોં મન લીનો ધૂત.

ટીકા—શ્રીયશોદાજીના પુત્ર અતિ પ્રવીણ છે. ગોપ-ગોપીજન આદિ સર્વેના મન જેણે ધૂતી લીધાં છે, એવા

(૬૯)ચોરી કરિ સબહિન સુખ દેત, ગોપીન સરબસુ હરિ લેત.

ટીકા—ચોરી કરી સર્વે વ્રજસુંદરી શ્રીગોપીજનને સુખ આપતાં ચોરીના મિસથી તે વ્રજગોપીઓનાં સર્વસ્વને હરિ લીધું છે. જેણ

(૭૦)કરિ સંકેલ બુલાઈ ગોપી, ઇન તો સબ મરજાદા લોપી.

ટીકા—ચોરીના મિસથી પધારી, વિવિધ સંકેતો લીલા સંબંધી કરી રહ્યા છે. મર્યાદાના આવરણો જેના હરાઈ ગયા છે. લોપાઈ ગયા છે આવાં તે શ્રીજી સુખ આપી રહ્યાં છે.



અગર ધૂપ કીન્હો તા ઠૌર, હિત સોં પ્રભુજી લીનો કૌર.
અતિ સુગંધ ચાંવર કો ભાત, અનિ ધર્યો હે જસુમતિ માત.

(૭૧)સબહિન કો કીયો મન ભાયો, તા કારન યહ વ્રજમેં આયો.

ટીકા—સર્વે વ્રજવધુઓના મનને ગમતું કર્યું. તેઓના સ્નેહનો અંગીકાર કરવા, મનોરથ પૂરવા, આપ વ્રજમાં પધાર્યા છે.

(૭૨)જસુમતિ સખિયન કોં જુ બુલાવૈ, કમલ નૈન કોં કહું ન પાવૈ.

ટીકા—શ્રીયશોદાજી સખીઓને બોલાવવા મોકલે છે. અહીં રાજભોગની તૈયારી થઈ ગઈ છે માટે હે સખીઓ મારા બાલકને શ્રીકૃષ્ણને બોલાવી લાવો, ત્યારે સખીઓ બોલાવવા કે પધરાવવા પધારે છે. પરંતુ કમલનયન ક્યાંય મળતા નથી. ત્યારે શ્રીયશોદાજી કહે છે.

૫. રાજભોગ

(૭૩)દેખો રી ગુપાલ કહાં ખેલત, કહો જાય જસુમતિ તોહિ બોલત.

ટીકા—હે સખીઓ તમે જઈને જુઓ કે મારો ગોપાલ ક્યાં ખેલે છે. તેને તમે જઈને એમકહો કે તમને તમારા માતાજી બોલાવે છે.

(૭૪)જબ મૈયા કી જાની પ્રીત, આય ગયે ગિરિધર તોહિ બોલત.

ટીકા—શ્રીગોપીજન બોલાવવા આવે છે ત્યારે ત્યારે શ્રીમાતૃચરણનો સહ સ્નેહ વિચારી, પોતાના મિત્રો ગોપ બાલ સાથે પ્રભુ પધારે છે. ત્યારે શ્રીયશોદાજી પ્રસન્ન વદને કહે છે.

(૭૫)ભોજન કોં બૈઠે નંદરાય, તુમસંગ ભોજન કરહુ આય.

ટીકા—શ્રીકૃષ્ણ ! ભોજન કરવા માટે તમારા પિતાશ્રીનંદરાયજી બેઠા છે તમે પણ સાથે ભોજન કરો.

(૭૬)બૈઠે આય કનક આસન પર, નંદરાય પકરે સોં કર.

ટીકા—અત્યંત ચંચલ છે, એવા શ્રીકૃષ્ણ સુવર્ણના આસન ઉપર બિરાજ્યા છે. શ્રીનંદરાયજી પોતાના હાથ વડે શ્રીજીનો હાથ પકડીને બેસાડે છે. મારા બાલકની પ્રકૃતિ ચંચલ છે. રખે ખેલવા મિસે દોડીને બહાર તો નહિ પધારે ને ! તે સમજી શ્રીહસ્ત પકડીને બેસાડે છે.

(૭૭)કનક બરન ઝારી જમુના જલ, ભરિ લાઈ જસુમતિ ઉજ્વલ.

ટીકા—સુવર્ણની ઝારી શ્રીયમુનાજલની ઉજ્વલ ભરીને શ્રીજશોદાજી લાવે છે.

(૭૮)પનવારો જોર્યો વિસ્તાર, તા પર ધર્યો કનક કો થાર.

ટીકા—પલવારો કહેતાં લીલા પતાઓની પાતલ વિશાલ કરી છે, તે બિછાવીને કનકનો થાલ પધરાવ્યો.

(૭૯)બેલા છોટે મોટે ઘરે, ચમચા રત્ન જડિત તહાં ખરે.

ટીકા—નાના-મોટા ડબરાઓ સુવર્ણ તથા ચાંદીના સામગ્રીથી ભરીને પધરાવ્યાં છે. તેમાં રત્નથી જડેલા ચમચાઓ પધરાવ્યાં છે.

(૮૦)અગર ધૂપ કીન્હો તા ઠૌર, હિત સોં પ્રભુજી લીનો કૌર.

ટીકા—સુંદર અગરનો ધૂપ કરીને ભોગ મંદિર પરમસુવાસિત કર્યું છે. હિત સહિત પ્રભુજીએ કોળિયો લીધો અને આરોગવા માંડ્યા.

(૮૧)અતિ સુગંધ ચાંવર કો ભાત, આનિ ધર્યો હે જસુમતિ માત.

ટીકા—અત્યંત સુંદર ચોખા ભાત સિદ્ધ કર્યા છે. શ્રીમાતા યશોદાજી થાળમાં પીરસે છે.

(૮૨)ઠાડે મૂંગ અરૂ દારિ બનાઈ, તા કે સંગ કઢી લૈ આઈ.

ટીકા—છૂટા મગ તથા દાળ બનાવી છે, અને તેની પાસ ` સુંદર કઢી પધરાવી છે.

(૮૩)મિરચન કે કીને બહુ સાક, હિત સોં જસુમતિ કીને પાક.

ટીકા—મિરચનું શાક=કાળા મરી પધરાવી અને બનાવેલું કાળા મરીથી ખૂબ ચટપટુ બનેલું એવું શાક, તથા બીજા પણ કાળા મરી પધરાવી શાક સિદ્ધ કર્યા છે. પ્રેમભાવથી શ્રીયશોદાજીએ અનેક પાક સિદ્ધ કર્યા છે.



(૮૪)સિખરન ઔર દહીં કો ભાત, ખાટો-મીઠો બડી કો ભાત.
ટીકા—સિખરન ભાત, દહીં ભાત, ખાટો ભાત, મીઠો મેવાભાત,
તથા વડી ભાત આમપાંચેય ભાત સિદ્ધ કરી પધરાવ્યા છે.

(૮૫)તીન ભાંતિ કી તુરઈ કરી, પાપડ ભૂંજે તિલબડી તરી.
ટીકા— ત્રણ ભાતનાં તૂર્યા બનાવ્યા ભરમા, તેલમાં તળેલાં તથા બાફીને
છોકેલા, શેકલા પાપડ તથા તલની વડી સિદ્ધ કરી પધરાવી છે.

(૮૬)ભરતા બેંગન ચકતા કરે, અરવી સૂરન સેવ લૈ ધરે.
ટીકા—બેંગણના ભરતા, તથા બેંગણના ટૂક ચકતા કર્યા, અરવી
સૂરણ તથા બળેલી સેવ પધરાવી.

(૮૭)કરેલા,મુરેલા, કંકોડા કરે, ખંડવા, ખંડવી, ગલકા ધરે.
ટીકા—કરેલા, મુરેલા એટલે કારેલામાં ચણાનું વેસણ મસાલો મેળવીને
પધરાવેલું શાક, તથા કંટોલાનું શાક તે પ્રમાણે, તથા ખંડવા, ખંડવીને
તળીને સાજી છે તેનું નામખંડવા, તથા ગલકાનું શાક પધરાવ્યું છે.

(૮૮)સકરકંદ કો મીઠો સાક, પેઠાં મેં મિશ્રીકો પાક.
ટીકા—સકરકંદ એટલે સકરિયાનું મીઠું ખટ મીઠું શાક તથા પેઠા
કહેતા સફેદ કોળું તેનો પાક બનાવ્યો છે.

(૮૯)રાઈતે કીને ઇકઇસ ભાંતિ, સંધાને કી કેતિક પાંતિ.
ટીકા—અનેક પ્રકારનાં રાઈતાં તથા સંધાણાની પંક્તિ કરી ને સાજ્યાં છે.

(૯૦)બિલસારું કીનો જુ બનાઈ, જેંવત હરિ કો મન ન અઘાઈ.
ટીકા—બિલસારું કહેતા અનેક પ્રકારના મુરબ્બાઓ સિદ્ધ કર્યા છે.
તે આરોગતાં તૃપ્તિ નથી થતી વારંવાર રૂચિ ઉપજાવે છે.

(૯૧)ભાંતિ ભાંતિ કી ભાજી કરી, બહુત ભાંતિ કચરિયાં તરી.
ટીકા—અનેક પ્રકારની કાચરી તળી છે તથા વિવિધ પ્રકારની
ભાજી બનાવીને સાજી છે.



(૯૨)બિંજન બહુ બિધિ ગિને ન જાઈ, બારં બાર જસોદા લાઈ.
ટીકા—અનેક પ્રકારની વ્યંજન સામગ્રીઓ શ્રીમાતૃચરણ લાવે છે
જેની ગણના ન કરી શકાય તેવા વારંવાર લાવે છે.

(૯૩)પૂરી રોટી લીટી કરી, મીસી રોટી ઘી સોં ભરી.
ટીકા—પૂરી તથા રોટી તથા લીટી કરી લીટી કહેતાં ઘઉંની તળેલી બાટી,
મિસી રોટી રહેતાં ઘઉં ચણાંના ચૂનમાં મસાલો મેળવી, રોટી કરી છે.
તેમાં ઘી પણ ઘણું પધરાવી રસબસતી કરી છે લીટીની બનાવટ
અદ્‌ભુત છે. તેમાં ઘઉંનો રવો જલથી બાંધી બાફી નાખી, તેને ખૂબ
ખૂંદીને ઘીનું મોણ મેળવી, રોટી જેવું વણી તેની વચમાં સાત આઠ
લવિંગ રાખવા. તે પછી કચોરીની માફક બનાવી તળી લીધી તેનું
નામલીટી, તે શ્રીજીને બહુ પ્રિય છે.

(૯૪)માખન બૂરો પાસ ધરાયો, લુચઈ લૈ સિખરન સોં ખાયો.
ટીકા—માખણ તથા મિસરી સાજી છે. લુચ્ચઈ એટલે પૂરી ઉપર બુરૂં
ધરાવેલું, તે લુચ્ચઈ કરી છે. શિખરન સાથે આરોગતા ઘણો સ્વાદ લાગે છે.

(૯૫)સેવ બહુત બૂરા સોં કરી, સો તો જાય નિકટ લૈ ધરી.
ટીકા—સેવ મીઠી ઘણું બૂરૂ પધરાવીને કરી, તે સહુ સામગ્રીની
નિકટ પાસ ધરી છે.

(૯૬)બડા મઠા કે અતિ રસ ભીને, તીનકૂડા અતિ સુંદર કીને.
ટીકા—છાશવડાં તથા તીનકુંડા સિદ્ધ કર્યા છે. તિનકુંડા એટલે ચણાનો
ચૂન કઢીની માફક ખટાશ વિનાનો જળમાં ઘોળીને કાળા મરીનો ભૂકો
ખૂબ મેળવી તેમાં લવિંગ તથા હિંગનો વઘાર લૂણ હલદી સિવાય કંઈ
નહિ, તેમાં પલાળેલા ચણાં તથા વડી પધરાવી સિદ્ધ કર્યા છે.

(૯૭)મૈયાં ! મોકોં સિખરન ભાવૈ, બેલા ભરિ ભરિ રાહિની લાવૈ.
ટીકા—શ્રીજી કહે છેકે મૈયા મને સિખરન બહુ ભાવે છે. ત્યારે
શ્રીરોહિણીજી બેલા કહેતા ડબરો ભરીને પધરાવે છે.

(૯૮)સુરભી ઘૃત સોં બેલા ભર્યોં, સો લૈ ભાત સિખર પર ધર્યોં.
ટીકા—ગાયના ઘીનો કટોરો ભરીને સુંદર ભાતના ઉપર તે કટોરો પધરાવે છે.
(૯૯)ઔટ્યો દૂધ-દહીં કો બેલા, મીઠે આમઅરૂ સુંદર કેલા.
ટીકા—ઓટેલું એટલે કઢેલું દૂધ, તથા દહીંનો કટોરો મીઠા
આંબ તથા સુંદર કેળા પધરાવ્યાં છે.
(૧૦૦)આમન કો સીરા જુ કીનો, સો તો હરિ જુ રુચિ કો લીનો.
ટીકા—આંબાનો શિરો સિદ્ધ કર્યો છે. તે આપ અત્યંત રૂચિથી આરોગે છે.
(૧૦૧)ખરબૂજા અરૂ લીલો મેવા, ઇહ બિધિ જસુમતિ કીની સેવા.
ટીકા—ખરબૂજા અને લીલો મેવો સાજ્યો છે. આ પ્રમાણે
શ્રીમાતૃચરણે સેવા કરી છે.
(૧૦૨)છૌંક્યો મઠા પરમસુખ દાયક, સો તો કેવલ હરિ જુ કે લાયક.
ટીકા—છોકેલો મઠો પરમસુખ રૂપ શ્રીહરિને લાયક છે.
(૧૦૩)ઇહ બિધિ લાલન ભોજન કીનો, માત જસુમતિ કોં સુખ દીનો.
ટીકા—આ પ્રમાણે લાલન શ્રીઠાકુરજીએ ભોજન કર્યું,
માતૃચરણ શ્રીયશોદાજીને સુખ આપ્યું.
(૧૦૪)કરિ અંચવન ઠાડે આંગન મેં, અતિ સુગંધ બીરા આનન મેં.
ટીકા—આચમન કરી આંગણામાં ઉભા છે. અતિ સુગંધ
બીડી શ્રીમુખમાં મેલી રહ્યાં છે. પછી
(૧૦૫)શ્રીકર મેં બીરા બહુ લીને, સો તો બાંટી સબન કોં દીને.
ટીકા—શ્રીહસ્તમાં બીડા લઈ લઈને સર્વે વ્રજ ગોપી તથા આપના
સમાન વયના ગોપોને વહેંચી આપે છે.
(૧૦૬)થાક બિચિત્ર કુંદકી માલા, લૈ આઈ પહરે નંદલાલા.
ટીકા—થાક જેનો વિચિત્ર છે. એવી મોગરાના પુષ્પની માળા
વ્રજભક્તો લાવે છે. તે કહે છે કે આપ પહેરો. તે નંદલાલા
શ્રીજી આપ ધારણ કરે છે.



ફૂલ કે મહલ, ખંભ ચૌબારે, ફૂલન કે કલસા અતિ ભારે.
અંગરાગ કે બેલા ભરે, અતિ સુગંધ બીડા તહાં ધરે.

(૧૦૭)કર મુરલી અરૂ વેંત ગહાઈ, બ્રજ બનિતા દેખેં સુખ પાઈ.
ટીકા—શ્રીહસ્તમાં મોરલી તથા વેત્ર કહેતાં છડી ધરાવીને વ્રજવનિતા
શ્રીગોપીજનો નિરખીને સુખ પામે છે.

(૧૦૮)નીરાજન બહુ બિધિ સોંકીનો, સોભા નિરખિ વારનો લીનો.
ટીકા—આરતી કરે છે. તે સમયની શોભા જોઈને શ્રીવ્રજભક્તો વારણાં લે છે.

(૧૦૯)જૌલોં હરિ ભોજન કરી આવેં, તૌલોં સહચરી કુંજ બનાવેં.
ટીકા—જ્યાં સુધી શ્રીજી ભોજન કરીને પધારે છે.
તેટલા વખતમાં સહચરિયો કુંજ બનાવે છે.

(૧૧૦)ઓલી ભરિ ભરિ પહુપ લૈ આવેં, પરમપ્રીતી સોં સેજ બિછાવેં.
ટીકા—ખોળા ભરી ભરીને પુષ્પ લાવે છે, પરમપ્રીતથી
વાત્સલ્યતાપૂર્વક શૈયા બિછાવે છે.

(૧૧૧)ફૂલ કે મહલ, ખંભ, ચૌબારે, ફૂલન કે કલસા અતિ ભારે.
ટીકા—ફૂલનાં બંગલાઓ, મહેલ અને કલસાંઓ બનાવ્યાં છે
જેની ચારેય તરફ થાંભલાઓ રચ્યાં છે. અનિરવચનિય રચના કરી છે.

(૧૧૨)ફૂલન કી સૈયા લૈ રચી, તકિયા ગેંદુવા ફૂલન સચી.
ટીકા—ફૂલની શૈયા તથા તકિયા, ગાલ, મસુરિયા, ચાદર વગેરે રચ્યા છે.

(૧૧૩)સેજ બંદ ફૂલન કે કરે, રંગ-રંગ ફૂલન સોં ભરે.
ટીકા—સેજના બંદકસના ફૂલના કર્યા છે. તે રંગ-રંગના ફૂલથી ભર્યા છે.

(૧૧૪)ફૂલન કી ચોકી લૈ કરી, તા પર કરવા કુંજા ધરી.
ટીકા—ફૂલની ચોકી કરી છે તેની ઉપર સુંદર રત્નજડિત કરવા તથા
જલના ભરીને માટીના કુંજા પર ધર્યાં છે.

(૧૧૫)અંગરાગ કે બેલા ભરે, અતિ સુગંધ બીડા તહાં ધરે.
ટીકા—અંગરાગ કહેતા સુગંધી પદાર્થના કટોરાઓ ભર્યા છે.
અને અતિ સુગંધિત બીડા ધર્યાં છે.



કાકડી બીજ ખોવા અરૂ પના, કેલા આમખરબૂજા ઘના.
કંદ મૂલ કે ભાજન ભરે, સો તો કુંજ સદન મેં ધરે.

(૧૧૬)પહુપ માલ અતિ સુંદર કરી, સો તો પ્યારી ઉર પર ધરી.

ટીકા—પુષ્પની માળા કરી છે તે બહુ પ્યારી છે. તે પોતાના ઉર પર ધારણ કરે છે.

(૧૧૭)ફૂલન કે પંખા લૈ આવેં, સો તો કમલનૈન કોં ભાવેં.

ટીકા—વ્રજસુંદરીઓ ફૂલના પંખા લઈને આવે છે. તે કમલનયનને બહુ પ્રિય લાગે છે પંખા છે તે તો તાપને હરે છે.

(૧૧૮)સકલ પદારથ આગેં ધરે, બિબિધ મનોરથ મન મેં કરે.

ટીકા—દરેક પદાર્થો આગળ ધર્યા છે. એક મનોરથો મનમાં કરી રહ્યાં છે.

(૧૧૯)પોઢે પિય પ્યારી કે સંગ, બિબિધ ભાંતિ બરખત રસ રંગ.

ટીકા—પ્રિય શ્રીજી પ્યારીજી શ્રીસ્વામિનીજીની સાથે પોઢ્યા છે જ્યાં વિવિધ સ્તરના રસરંગ વરસી રહ્યાં છે.

(૧૨૦)બહુત ભાંતિ પિય કે સંગ ખેલી, રસ મર્યાદા સબ લૈ પેલી.

ટીકા—વિવિધ ભાતે પ્રિયની સાથે ખેલે છે. રસની મર્યાદા સહિત વિહાર કરે છે.

(૧૨૧)શ્રમકન સુભગ અંગ પર આઈ, રસભર પોઢે કુંવર કન્હાઈ.

ટીકા—શ્રમના કણો પરસેવાનાં બિંદુ અંગ પર આવેલાં છે રસથી ભરેલા પોઢ્યા છે.

(૧૨૨)જાલરંધ્ર હ્વૈ સહચરી દેખેં, અપુનો જનમસુફલ કરિ લેખેં.

ટીકા—જાલરંધ્રથી સહચરીયો જુવે છે. અંતરંગ ભક્તો છે. તે દર્શન કરે છે. અનેક મનોરથોથી તૈયારી કરેલી સુફલ છે. અમારો જન્મસુફલ છે.

૬. ઉત્થાપન ભોગ

(૧૨૩)ઘંટાનાદ ભર્યો ચહું ઓર, શંખનાદ કી ધુનિ સબ ઠૌર.

ટીકા—ઘંટાનાદથી શ્રીજીને ઉત્થાપનનો સમય થયો અને શંખનાદની ધ્વનિ ચારે બાજુ વ્યાપક થઈ રહી છે.

(૧૨૪)ધુનિ સુનિ ગોવર્ધન ઘર જાગે, માનહું પ્રેમ-સિંધુ મેં પાગે.

ટીકા—ધ્વનિ સાંભળીને શ્રીગોવર્ધનધર જાગ્યા જાણે પ્રેમસિંધુમાં ગરકાવ થઈ રહ્યાં છે.

(૧૨૫)કાકડી બીજ ખોવા અરૂ પના, કેલા આમખરબૂજા ઘના.

ટીકા—ઉત્થાપનના ભોગની સામગ્રી શ્રીપુલુંદીજીના ભાવની છે તે પધરાવી લાવે છે કાકડી તથા ખરબૂજાના બીજ તળેલાં ખોવા કહેતાં દૂધનો માવો તથા મિસરીનો પણો, કેળાં આંબા અને ખરબૂજા ઘણાં એવી રીતે તે ફૂલ-ફૂલેરી પધરાવે છે.

(૧૨૬)કંદ મૂલ કે ભાજન ભરે, સો તો કુંજ સદન મેં ધરે.

ટીકા—ફૂલ ફૂલેરી અનેક પ્રકારનાં કંદ મૂલ ફૂલના ભાજન કહેતાં વાસણ ભરી ભરીને કુંજ ભવનમાં પધરાવ્યાં છે.

(૧૨૭)ગોપ અઘાને, સુરભી દેખી, ફિર કછુ મન મેં મનસા લેખી.

ટીકા—એટલામાં જ ગોવાળિયાઓ અંતરંગ છે. તે તૃપ્ત થયેલા છે, ગાયોની સામે જોયું જોઈને મનમાં વિચાર કર્યો કે ગાયોને લઈ ઘેર નંદભવન તરફ જઈએ.

(૧૨૮)બેનુ-બેંત લૈ ચલે કન્હાઈ, દેખિ સહચરિ અચિ સચુ પાઈ.

ટીકા—વેણુ વેત્ર લઈ શ્રીઠાકુરજી પધારે છે ત્યારે સહચરિયો દેખી દેખીને પરમસુખને પ્રાપ્ત થાય છે.

(૧૨૯)આગેં ગોધન, પાછેં ગ્વાલ, મધ્ય બિરાજત ગિરિધર લાલ.

ટીકા—આગળ ગાયો ને પાછળ ગ્વાલો છે, અને મધ્યમાં શ્રીગિરિધરલાલ બિરાજે છે. એવી રીતે ગૌચારણ લીલા કરી પધારી રહ્યાં છે.

(૧૩૦)ગો-રજ મંડિત મુખ પર કેસ, સોભિત હૈ અતિ સુંદર ભેસ.
ટીકા—ગૌરજથી મંડિત થયેલાં શ્રીમુખ પર અલકાવલી શોભી રહી છે.
સુંદર વેશ ધારણ કરેલો નટવરવેશ શોભી રહ્યો છે.

(૧૩૧)મનિ માલા ગુંજા ફલ ગરે, ગોરી રાગ બેનુ મેં કરે.
ટીકા—મણિઓની માલા તથા ગુંજાફલની માલા શ્રીકંઠમાં ધરાવી છે
વેણુમાં ગોરી રાગ ગાઈ રહ્યાં છે.

(૧૩૨)બ્રજ બનિતા આઈં ચહું કોદ, દેખત શ્રીમુખ ભયો પ્રમોદ.
ટીકા—ત્યારે માર્ગમાં ચારો તરફ શ્રીવ્રજવનિતાઓ, શ્રુતિરૂપાઓ ચારે
તરફથી પધારે છે. આપનું મુખારવિંદ જોઈને અતિશય હર્ષ થાય છે.

(૧૩૩)ગોવિંદ ગોપિન કોં સુખ દીનો, કછુક મનોરથ મન મેં કીનો.
ટીકા—તે ભક્તો કાંઈ એક અનિરવચનીય મનોરથ કરી રહ્યાં છે.
તે વ્રજવધુઅના મનોરથ એવા ગોવિંદ જે શ્રીકૃષ્ણ
ગોપીજનોને સુખ આપે છે.

(૧૩૪)કરી સત્કાર ચલે આગેં તે, કરિ સંકેત રહે પાછેં તે.
ટીકા—સત્કાર કરીને પોતે આગળ ચો છે. અને સંકેત કરી ગ્વાલોની
ગાયોની ભલામણ કરી, તે અંતરંગોને લઈ પોતે જરા પાછળ
રહી જાય છે. ત્યાં મનોરથ પૂર્ણાર્થ.

(૧૩૫)અતિ બિરહિન જે બ્રજ કી બાલા, ઘેરી લિયે તબ મદન ગુપાલા.
ટીકા—અત્યંત વિરહથી તપેલા મનોરથો વિચારતાં તે
વ્રજની બાળાઓને શ્રીજીને ઘેરી લીધાં.



નંદ ભવનમેં ઠાડે આય, પ્રમુદિત ભઈ જસોમતિ માય,
અતિ હિત સોં આરતી ઉતારી, કર મેં લિયે કનક કી થારી.

૭. સંધ્યા ભોગ

(૧૩૬)સંધ્યા ભોગ હૈ જાકો નામ, સો તો લીનો વાહી ઠામ.
ટીકા—આ ઠેકાણે આપે સંધ્યા ભોગનો અંગીકાર કર્યો છે.
(૧૩૭)નંદ ભવનમેં ઠાડે આય, પ્રમુદિત ભઈ જસોમતિ માય.
ટીકા—નંદભવનમાં ગાયો સહિત પધારી ઊભા રહ્યાં શ્રીયશોદાજી
તે સમયે પ્રમુદિત થયા છે.

૮. સંધ્યા આરતી

(૧૩૮)અતિ હિત સોં આરતી ઉતારી, કર મેં લિયે કનક કી થારી.
ટીકા—અત્યંત હેતથી આરતી ઉતારે છે શ્રીહસ્તમાં સોનાની થાળી
લઈને પોતાના બાલકના વાત્સલ્ય અર્થે દ્દષ્ટિદોષ નિવારણ
અર્થે આરતી કરે છે.
(૧૩૯)ભીતર ભવન પધારે લાલ, આય જુરીં સબ વ્રજ કી બાલ.
ટીકા—ભીતર ભવનમાં આપ પધારે છે. ત્યારે વ્રજની બાળાઓ
ઝૂંડના ઝૂંડ જોડાઈને આવે છે.
(૧૪૦)કોઊ બડે સિંગાર કરાવેં, કોઊ તેલ ફૂલેલ લૈ આવેં.
ટીકા—કોઈ ભક્ત શૃંગાર બડા કરે છે કોઈ જલ ફુલેલથી
શ્રીમુખ પોંછી રહ્યાં છે.
(૧૪૧)કોઊ મર્દન મજ્જન કરેં, બિબિધ મનોરથ મન મેં ધરેં.
ટીકા—કોઈ તેલનું મર્દન તથા મંજન કરાવી રહ્યાં છે. અને વિવિધ
મનોરથ મનમાં ધરી રહ્યાં છે.
(૧૪૨)કોઊ જલ લૈ સ્નાન કરાવેં, અંગ વસ્ત્ર કરિ અતિ સચુ પાવેં.
ટીકા—કોઈ જલમાં અંગ વસ્ત્ર ભીંજવી સર્વાંગમાં પુંછન
કરી અતિ આનંદ પામે છે.
(૧૪૩)કોઊ તનિયા અંગ પહિરાવે, બહુ બિધિ ભૂષન-બસન ધરાવેં.
ટીકા—કોઈ તનિયા કહેતાં લંગોટ શ્રીઅંગમાં ધરાવે છે.
કોઈ આભૂષણ ધરાવે છે.



ધૌરી, ધૂમર, ગાંગ બલાઈ, કાજર, પિયરી દૌરી આઈ,
બિબિધ ભાંતિ હરિ દોહન કરેં, સબ ભાજન લૈ રસ સોં ભરે.

(૧૪૪)સેલિ કંધ, બેનુ કર લયે, હરિ જુ તબહિ ખિરક મેં ગયે.
ટીકા—સેલી કહેતાં નોંઝણું ખંભે મૂકી શ્રીહસ્તમાં વેણુજી લઈ પોત
` ખિરક કહેતા ગૌશાળામાં પધારે છે.
(૧૪૫)સહજ સિંગાર કિયે અતિ સોભિત,
નિરખત તન-મન અતિ સે લોભિત.
ટીકા—સહજ શ્રીંગાર શોભી રહ્યાં છે કે દર્શન કરતાં
તન મન લોભાયમાન બને છે એવાં સુંદર છે.
(૧૪૬)ધૌરી, ધૂમર, ગાંગ બલાઈ, કાજર, પિયરી દૌરી આઈ.
ટીકા—તે ગાયોના નામલઈ લઈને આપ બોલાવે છે. ધોરી, ધૂમર,
ગાંગ, કાજરી, પીરી આપની સન્મુખ આવે છે.
(૧૪૭)યહ તો બ્રજ-બનિતન સંકેત, વે સબહિન કોં બોલેં લેત.
ટીકા—એ તો વ્રજવનિતાઓને સંકેત કરી રહ્યાં છે. ગાયોના
નામથી બોલાવી તેને દર્શન આપે છે.
(૧૪૮)બિબિધ ભાંતિ હરિ દોહન કરેં, સબ ભાજન લૈ રસ સોં ભરે.
ટીકા—શ્રીજી અનેક પ્રકારે ગૌદાહન કરી રહ્યાં છે. અને વાસણો
લઈ તેમાં પયરૂપી રસ ભરે છે.

૯. શયન આરતી

(૧૪૯)ગ્વાલ ભોગ લીનો રસ રીત, બ્રજ-બનિતા કી જાની પ્રીત.
ટીકા—વ્રજ વનિતાઓની પ્રીત જાણીને ગ્વાલ ભોગ ધૈર્યનો અંગીકાર
કર્યો. દૂધના ફીણનો સ્વાદ લઈ રહ્યાં છે.
(૧૫૦)સબહિન કો કીયો મન ભાયો, જા કારન યહ બ્રજ મેં આયો.
ટીકા—સર્વે વ્રજવાસીઓની પ્રીતિ કહિત કૃતિ મનમાં બહુ રૂચિકારક
લાગે છે. આપ તેમના મનોરથો પૂરવાં વ્રજમાં પધાર્યા છે.
(૧૫૧)જસુમતિ ભોજન કીનો સાજ, બેગી આઈઓ મોહન ! આજ.
ટીકા—શ્રીયશોદાજીએ ભોજનનો સાજ તૈયાર કરી રાખ્યો છે. હે
મોહન જલ્દી પધારો એમશ્રીવ્રજભક્ત કહે છે, ત્યારે આપ પધારે છે.



સુખ સજ્યા પોઢે હરિરાય, ચાંપત ચરન જસોદા માય,
ભાંતિ ભાંતિ કી કહાની કહે, હરિ હુંકારી ફિર ફિર લહે.

(૧૫૨)જમુના જલ સોં ઝારી ભરી, લૈ ઉઠાય હરિ પાસ જુ ધરી.
ટીકા—શ્રીજમુના જલની જારી ભરી છે
તે લઈ ઉઠાવીને હરિની પાસ પધરાવી.
(૧૫૩)દોઉ ભૈયા ભોજન કો આવેં, જસુમતિ કનક થાર ભરિ લાવેં.
ટીકા—બંને ભાઈ શ્રીકૃષ્ણ તથા બલદેવજી ભોજન શયન ભોગ આરોગવા
પધારે છે. શ્રીયશોદાજીએ જ્યાં કનકના થાળમાં સામગ્રી
સાજી છે ત્યાં બેસાડે છે.
(૧૫૪)દાર-ભાત મિરચન કો સાક, હિતસોં રોહિની કીનો પાક.
ટીકા—મગની છીલકાવાળી દાળ, ભાત તથા મિરચનું શાક-ખૂબ
કાળા મરી પધરાવીને બનાવેલું શાક, પ્રેમભાવથી શ્રીરોહિણીજીએ
સામગ્રી સિદ્ધ કરી છે.
(૧૫૫)દૂધ-ભાત અતિ મોકોં ભાવે, ડબરા ભરિ ભરિ જસુમતિ લાવે.
ટીકા—શ્રીજી કહે છે દૂધ ભાત મને બહુ ભાવે છે. ડબરા ભરી
ભરીને શ્રીયશોદાજી લાવે છે.
(૧૫૬)ઇહ બિધિ લાલન ભોજન કીનો, માત જસુમતિ કોં સુખ દીનો.
ટીકા—આ રીતે શ્રીજી ભોજન કરી શ્રીમાતૃચરણને સુખ આપી રહ્યાં છે.
(૧૫૭)કરિ બ્યારૂ ઉઠે મન-મોહન, લાગિ રહી જસુમતિ અતિ ગોહન.
ટીકા—વાળુ કરી રહ્યાં પછી માતા યશોદાજી વારંવાર કહે છે કે હે
લાલન હવે દૂધ પાન કરીને ઉઠો.
(૧૫૮)ઔટ્યો દૂધ કપૂર મિલાઈ, બેલા ભરિકે રોહિની લાઈ.
ટીકા—કઢિયેલું દૂધ કપૂર બરાસ એલચીથી ભરપૂર ખૂબ જ
સુંદર મીઠું શ્રીરોહિણીજી લાવ્યા છે.
(૧૫૯)ઇચ્છા ભોજન કરિ સુખ પાયો, તબ રાની અંચવન કરવાયો.
ટીકા—ઇચ્છા સહિત રૂચિકર ભોજન કરીને ઉઠ્યા, ત્યારે
રાણી શ્રીયશોદાજીએ આચમન કરાવ્યું.



શરદ રાસોત્સવ



(૧૬૦)અતિ સુગંધ બીરી મુખ ધરી, પહુપ માલ શ્રીકંઠ જુ ધરી.
ટીકા—અતિ સુગંધ પાનની બીરી આરોગ્યા, ને પુષ્પની
માલા કંઠમાં ધારણ કરી.
(૧૬૧)કરિ આરતી શ્રીમુખ જબ દેખ્યો, અપુનો જનમસુફલ કરિ લેખ્યો.
ટીકા—આરતી કરીને સુંદર શ્રીમુખ જુવે છે ને પોતાનો
જન્મસુફલ કરીને માને છે.
(૧૬૨)રુનઝુન કરત અંગુરિયા ગહે, માત જસોમતિ સબ સુખ લહે.
ટીકા—ચરણારવિંદમાં ઝાંઝર ધરાવેલા છે. તે ઝમક, ઝમક મધુર
વાગી રહ્યાં છે. શ્રીમાતૃચરણની આંગળી પકડીને શયન મંદિરમાં
પધારે છે. તેથી માતૃચરણ સર્વ સુખનો અનુભવ કરે છે.
(૧૬૩)સુખ સજ્યા પોઢે હરિરાય, ચાંપત ચરન જસોદા માય.
ટીકા—શ્રીહરિને સુખ શૈયામાં પોઢાડે છે શ્રીયશોદાજી વાત્સલ્ય ભાવ
સહિત શ્રમિત જાણીને શ્રીચરણ ચાંપે છે.
(૧૬૪)ભાંતિ ભાંતિ કી કહાની કહે, હરિ હુંકારી ફિર ફિર લહે.
અનેક પ્રકારની વિનોદ ભરેલી વાર્તાઓ શ્રીયશોદાજી કહે છે અને
શ્રીહરિ વારંવાર હોંકારો દઈ રહ્યાં છે.
(૧૬૫)નિસિ લીલા કહો કૈસે કહેં ? સો તો બ્રજ જન મન મેં લહેં.
ટીકા—રાત્રિની નિગૂઢ લીલા અનિરવચનીય કહેવામાં ન આવે
એવી છે તેનો અનુભવ વૃજજનો પોતાના મનમાં કરે છે.
(૧૬૬)નંદ ભવન કી લીલા કહે, માનુષ દેહ ધરિ સબ સુખ લહે.
ટીકા—નંદાલયની લીલાનું અવગાહન કરી, મનુષ્ય દેહ ધરી,
સર્વ સુખ પ્રાપ્ત થાય છે.
(૧૬૭)શ્રીગિરિવર કી લીલા ગાવે, 'રસિક' ચરન કમલ રજ પાવે.
ટીકા—શ્રીગિરિવર શ્રીગોવર્ધનધરણની લીલા ગાતા રસિક
શ્રીહરિરાયજી શ્રીચરણાવિંદની રજની યાચના કરી રહ્યાં છે.
॥ ઇતિ શ્રીહરિરાયજી કૃત નિત્ય લીલા સંપૂર્ણ ॥

પુષ્ટિમાર્ગીય તમામપુસ્તકો છપાવવા માટે સંપર્ક કરો.
પૂજા કોર્પોરેશન
૫૦૪-એ, અશોકા ચેમ્બર્સ, મીઠાખળી, અમદાવાદ.
મોબાઈલ : ૯૨૨૭૨૫૧૬૯૦
ન્યોછાવર : રૂા. ૪૦=૦૦

સૂરદાસજીનું પદ

ભરોસો દઢ ઈન ચરણન કેરો,
ભરોસો દઢ ઈન ચરણન કેરો.
શ્રી વલ્લભ નખચંદ્ર છટા બિન,
સબ જગમાં જ અંધેરો...ભરોસો..
સાધન ઔર નહીં આ કલીમેં,
જાસો હોત નિબેરો,
સુર કહા કહે દુબિધ,
આંધરો બિન મોલકો ચેરો...ભરોસો..